વાવોલ શાલીન-૪માં દરોડો પાડી પોલીસે દારૂનો જથ્થો પકડયો

ગાંધીનગર, તા.૨૮

શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં શાલીન-૪ ફલેટમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડાયેલો હોવાની બાતમીને આધારે ગઈ રાત્રે સેકટર-૭ પોલિસે દરોડો પાડયો હતો. મકાનમાં દરોડો પાડીને ૧૩૩ નંગ વિદેશી દારૂની બોટલો સાથે એક શખ્સને દબોચી લઈને સે-૭ પોલિસે રૂ. ૫૫ હજારનો દારૂ જપ્ત કરી પુછપરછ શરુ કરી છે.

સેકટર-૭ પી.આઈ. પી.જે. પટેલ તથા પીએસઆઈ વી.એમ. દેસાઈ તેમની ટીમના હેડ કોન્સ્ટેબલ પુષ્પેન્દ્રસિંહ, સુરપાલસિંહ સહિતના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે ખાનગી બાતમી મળી હતી કે વાવોલ શાલીન-૪ મકાનનં. ડી-૨/૨ ખાતે વિદેશી દારૂનો જથ્થો થર્ટી ફર્સ્ટ માટે લાવીને સંતાડવામાં આવ્યો છે. આ બાતમી આધારે ધ્રુપદ કિરીટસિંહ સોલંકીને ત્યા દરોડો પાડી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૩૩ નંગ બોટલ પકડી પાડી હતી. રૂ. ૫૫૨૦૦ના મુદ્દામાલ સાથે ધ્રુપદ સોલંકીની ધરપકડ કરી પીએસઆઈ વી.એમ. દેસાઈએ વધુ તપાસ શરુ કરી છે. આ શખ્સ દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કેટલા સમયથી વેપલો કરે છ?

કલોલના સબાસપુર કેનાલ પાસેથી દેશી દારૂ ભરેલી રીક્ષા સાથે એક પકડાયો

એલસીબીની ટીમે ચોકકસ બાતમીને આધારે કલોલ તાલુકાના સબાસપુર ગામમાં નર્મદા કેનાલ પાસે વૉચ ગોઠવી હતી. વૉચ દરમિયાન જીજે ૧૮ એ.વી. ૫૬૯૯ માં ૧૨૦ લીટર દશી દારૂની પોટલીઓ ભરીને હેરાફેરી કરી રહેલા કલોલ હાજીપુર વિસ્તારના વિક્રમ લીલા દંતાણીને દબોચી લઈ એલસીબીએ રૂ. ૪૨,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર સરકારી ઈજનેરી કોલેજ ખાતે વિવિધ તાલીમ કોર્સ શરૂ થશે

કેન્દ્ર સરકારના માનવ સંશાધન મંત્રાલય દ્વારા પ્રેરિત પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના હેઠળ સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર ખાતે આગામી ફેબ્રુઆરી ૨૦૧૮થી વિવિધ તાલીમ કોર્સ શરુ થશે એમ સંસ્થાના આચાર્ય દ્વારા જણાવાયું છે. સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮ ખાતે જુનિયર ઈન્સ્ટ્રુમેન્ટેશન ટેકનીશીયન (પ્રોસેસ કંટ્રોલ) વેલ્ડર, જુનિયર સોફટવેર ડેવલપર, વાયરલેસ ટેકનીશીયન અને ફ્રન્ટ લાઈન હેલ્થ વર્કર જેવા વિવિધ સ્કીલ ડેવલપમેન્ટ કોર્સ શરૂ થશે. અભ્યાસક્રમ માટે રસ ધરાવતા યુવાનોએ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ માટે સરકારી ઈજનેરી કોલેજની વેબસાઈટ **www. gech. cteguj. in**માં **latest news** વિભાગ **PMKVY** માં જોવા વિદ્યાર્થીઓને અનુરોધ છે.

શિવાશ્રમ ખાતે નિઃશુલ્ક નેચરોપથી કેમ્પ

આગામી તા. ૩૧મી ડિસેમ્બર રવિવારે સવારે ૯ થી ૪ વાગ્યા દરમિયાન શિવાશ્રમ દંતાલી, જમિયતપુરા અને અડાલજ ખાતે યોગ પ્રેકટીશનર વેલ્ફેર કાઉન્સિલ તથા બીએડબલ્યુ દ્વારા અનિંદ્રા, કબજિયાત, અપચો, ડાયાબીટીશ, મહિલા સંબંધિત રોગો, સાંધાના દુઃખાવા વગેરે માટે નિઃશુલ્ક કુદરતી સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શહેરમાં ચાઈનીઝ દોરી અને પ્લાસ્ટીક પતંગ વેચવા નહીં દેવાય..!

મનપાએ દબાણ અને પ્લાસ્ટીક ઝુંબેશ કડકપણે પુનઃ શરુ કરવા મહેશ મોડને કામગીરી સોંપી : પ્રથમ દિવસે જ ૪૫ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટીક અને ૬૫૦૦ પ્લાસ્ટીકના ચાના કપ જપ્ત કરી સપાટો બોલાવ્યો

ગાંધીનગર, તા.૨૮

મહાનગર પાલિકા દ્વારા પાટનગરમાં કડક પણે દબાણ અને પ્લાસ્ટીક ઝુંબેશ પુનઃ શરુ કરવા નિર્ણય લઈ આજથી ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડને બંને કામગીરીની વધારાની જવાબદારી આપી ચાર્જ સોંપવામાં આવ્યો છે. ઉત્તરાયણ દરમિયાન શહેરમાં ક્યાંય પ્લાસ્ટીકના પતંગ કે ચાઈનીઝ દોરીનું વેચાણ ન થાય તેનું પણ ખાસ ધ્યાન રાખવા સુચના આપી દેવામાં આવી છે.



દબાણ અને પ્લાસ્ટીક મુકત પાટનગર બનાવવા ચાર્જ સંભાળનાર ફાયર ઓફીસર મહેશ મોડે આજે ચાર્જ સંભાળ્યાના પ્રથમ દિવસે જ શહેરમાં સપાટો બોલાવી દીધો છે. મહેશ મોડે તેમની ટીમ સાથે આજે ઈન્ફોસીટી વિસ્તાર તથા ઘ-૨ અને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેન્ટીનમાં દરોડા પાડી ૫૦ માઈક્રોનથી પાતળી પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ જપ્ત કરી લીધી છે. પ્લાસ્ટીક વિરોધી દળના કાફલાએ આજે ૪૫ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટીક બેગ અને મસાલાના પ્લાસ્ટીક રેપરનો જથ્થો અને ચાની કીટલીએ વપરાતા પ્લાસ્ટીકના ૬૦૦ કપ પણ જપ્ત કરી દેવામાં આવ્યા છે. આગામી દિવસોમાં સેકટર વાઈઝ શોપીંગ સેકટરમાં પ્લાસ્ટીક અને દબાણ ઝુંબેશ સઘન બનાવવામાં આવશે અને ચાઈનીઝ દોરી તથા પ્લાસ્ટીક પતંગનું વેચાણ બીલકુલ થવા દેવાશે નહી તેમ અધિકારી મહેશ મોડે જણાવ્યું છે.

કેન્ટીન ડે : સેક્ટર-૩ એસ.એસ.વી. કેમ્પસ ખાતે કેન્ટીન ડે ઉજવાયો હતો. વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વાનગીઓનો રસાસ્વાદ કરાયો હતો. અલગ-અલગ વર્ગના વિદ્યાર્થીઓ વચ્ચે યોજાયેલી કેન્ટીન ડેની ઉજવણીમાં વિદ્યાર્થીઓ ભારે ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

સ્કોર્પીઓ ડમ્પરમાં ઘૂસી જતાં બે કર્મચારીના કરૂણ મોત

નરોડા ટોલટેક્સની પાસે પરોઢિયે સર્જાયેલા અકસ્માતમાં સ્કોર્પીઓનઆ ભુક્કા બોલી ગયા : કારનો ડ્રાઇવર ફરાર

અમદાવાદ,તા. ૨૮

દહેગામ રિંગ રોડ પરથી શહેરના નરોડા ગામ તરફ આવવાના રોડ પર મંગળવારે વહેલી પરોઢે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં સ્કોર્પીઓ કાર એક ડમ્પરમાં પાછળથી ઘૂસી જતાં સ્કોર્પીઓમાં બેઠેલા મેટ્રો પ્રોજેકટના બે કર્મચારીઓના કરૂણ મોત નીપજયા હતા. અકસ્માતના આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પોલીસે સમગ્ર બનાવ અંગે જરૂરી ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને ફરાર ડ્રાઈવરને પકડવાના ચકો ગતિમાન કર્યા છે. આ અંગેની વિગત એવી છે કે, બનાસકાંઠા જિલ્લામાં આવેલા વાવ-થરાદ વચ્ચેના ગામડામાં રહેતા ૨૦ વર્ષીય નવીન કરસનભાઈ બ્રાહ્મણ અને ભુરાજી પીરાજી રાજપૂત મેટ્રો રેલ પ્રોજેકટમાં વે બ્રીજમાં ફરજ બજાવે છે.

આ બંને કર્મચારી યુવકો રજા લઈને પોતાના વતનમાં કંપનીની સ્કોર્પીઓ કારમાં જઈ રહ્યા હતા ત્યારે દહેગામ રિંગ રોડ પરથી શહેરના નરોડા ગામ તરફ આવવાના રોડ પર મંગળવારે વહેલી પરોઢે સ્કોર્પીઓ કાર આગળ એક ડમ્પરમાં પૂરપાટ ઝડપે ઘૂસી ગઈ હતી. સ્કોર્પીઓ કારની સ્પીડ એટલી હદની હતી કે, સ્કોર્પીઓ કારનો ભુક્કો બોલી ગયો અને આ ગમખ્વાર અકસ્તામાં ડ્રાઈવર સીટની બાજુમાં બેઠેલા યુવક અને પાછળની સીટમાં બેઠેલા બીજા યુવકનું મોત નીપજયું હતું. જો કે, આ ઘટનામાં મેટ્રો રેલ પ્રોજેકટના કર્મચારી ડ્રાઈવર અને સ્કોર્પીઓ કારના ચાલક હાર્દિક નામનો શખ્સ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. તેથી નરોડા પોલીસે તેની શોધખોળ આદરી છે. જો કે, આ અકસ્માતના બનાવને પગલે સ્થાનિક લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. બે યુવકોના મોતના સમાચાર જાણી સ્થાનિક લોકોમાં ભારે અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. પોલીસે ડ્રાઈવર વિરૂધ્ધ જરૂરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બજારમાં આવ્યા મોદી/રાહુલ ગાંધીના પતંગો, લખાયું કિસ મેં કિતના દમ

ઉત્તરાયણના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે માર્કેટમાં ફરી એકવાર પીએમ મોદીની પતંગોએ ધૂમ મચાવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દર વર્ષે પતંગમાં આકાશમાં છવાઈ જતાં હોય છે. ત્યારે આ વર્ષે રાહુલ ગાંધીએ પણ મેદાન માર્યું છે.

પૂર્ણ થયેલી વિધાનસભા ચૂંટણીની અસરે રાહુલ ગાંધીના ફોટાવાળી પતંગો પણ આકર્ષણનું કેન્દ્ર બની છે. તો પતંગમાં રાહુલ ગાંધી અને પીએમ મોદીનો ફોટો મુકવામાં આવ્યો છે. જેમાં કિસમે કિતના દમ જેવા શબ્દ પણ લખવામાં આવ્યા છે. તો બૂલેટ ટ્રેન સાથે પીએમ મોદીના ફોટા સાથે પતંગો તૈયાર કરવામાં આવી છે. તો બીજી તરફ પતંગ અને દોરી પર ૧૦ ટકા જીએસટી લાગુ થતાં ભાવમાં વધારો થયો છે. ઉત્તરાયણના શોખીનો ભાવ વધારા છતાં તહેવાર ઉજવવામાં કોઈ કચાશ રાખવા નથી માગતા, અને ખરીદીમાં લાગી ગયા છે. તો માર્કેટમાં પણ પતંગ દોરાની અવનવી વેરાયટીઓની પતંગ આવી છે.

પૂણ્ય કાર્ય : આપણી સંસ્કૃતિની પરંપરા મુજબ મકરસંક્રાતિ પર્વ પૂર્વે અબોલ પશુ-પક્ષીઓને અવનવી ખાદ્ય સામગ્રી પીરસવામાં આવે છે. જેમાં ખાસ કરીને કુતરાઓને લાડુ ખવડાવાય છે. શહેરની મહિલા સંસ્થાઓ અને વસાહત મંડળો દ્વારા વ્યાપક પ્રમાણમાં લાડુ બનાવાય છે અને કુતરાઓને ખવડાવાઈ રહ્યા છે. ગુરુવારે બપોરે સેક્ટર-૫/એ ગોપી ભજન મંડળની મહિલાઓ દ્વારા લાડુ બનાવાયા હતા.

દહેગામ બાયડ માર્ગના મજબુતીકરણ માટે ૩૦ કરોડનો ખર્ચ કરાશે

કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન વિભાગે ગુજરાતના ૩૭ માર્ગો અને એક બ્રિજ માટે રૂ ૭૮૦ કરોડનો ખર્ચ મંજુર કર્યો

ગાંધીનગર તા ૨૮

ગુજરાતમાં ૩૭ માર્ગોતેમજ ૧ બ્રીજ બનાવવા માટે કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા રૂ ૭૮૦ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે.સેન્ટ્રલ રીઝર્વ ફંડ અન્વયે આ રકમ ફાળવવામાં આવી છે. જેમાં ગાંધીનગર જિલ્લાના એક રીંગ રોડ સહીત દહેગામ બાયડ માર્ગના વિસ્તૃતીકરણ અને મજબુતીકરણ માટે પણ રૂ ૪૦ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે.

કેન્દ્ર સરકારના માર્ગ પરિવહન વિભાગ દ્વારા સેન્ટ્રલ રીઝર્વ ફંડ અન્વયે ગુજરાતના ૩૭ માર્ગો અને બ્રીજ બનાવવા માટે રૂ ૭૮૦.૦૭ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ મંત્રી મનસુખ માંડવિયાએ આ અંગે જણાંવ્યા અનુસાર ગુજરાતમાં માર્ગ મકાન વિભાગ દ્વારા આ રકમમાંથી જુદા જુદા કુલ ૧૬ માર્ગોની ૩૧૧.૪૫ કી મી લંબાઈનુ વિસ્તૃતીકરણ અને મજબુતીકરણ હાથ ધરાશે. આ ઉપરાંત પંચાયત હસ્તકના જુદા જુદા ૨૧ માર્ગોની કુલ ૩૫૧.૮૬ કી મી લંબાઈનુ પણ મજબુતીકરણ કરવામાં આવશે. જયારે પોરબંદર નેશનલ હાઈવે પર રૂ ૩ કરોડના ખર્ચે રેલવે અંડર બ્રીજ બનશે. આ કામગીરીમાં ગાંધીનગર જિલ્લાના બે માર્ગોને પણ આવરી લેવાયા છે. જેમાં ગાંધીનગર રીંગ રોડ પૈકી માનવ આશ્રમ ચોકડીથી સાંઈબાબા મંદિરના માર્ગનુ પણ કામ હાથ ધરાશે જયારે દહેગામ બાયડ માર્ગનુ પણ મજબુતીકરણ હાથ ધરાશે. આ કામગીરી પાછળ રૂ ૩૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે ગાંધીનગર જિલ્લામં બન્ને માર્ગોના કામ પાછળ રૂ ૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

હવે, ગાંધીનગરથી સુરેન્દ્રનગર માટે મીની બસ સેવા શરૂ કરાઇ

બપોરની બસ અનિયમિત હોવાની ફરિયાદો બાદ નવી બસ શરૂ કરવા પણ માંગ ઉઠવા પામી હતી

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા મીની બસ સેવાને અનુલક્ષી વધુ એક રૂટમાં બસ સેવા શરૂ કરવામાં આવી છે. છેલ્લા ઘણાં સમયથી મુસાફરોની માંગ હતી તે મુજબ બપોરે ગાંધીનગર થી સુરેન્દ્રનગર રૂટમાં ખાસ મીની બસ સેવા શરૂ કરવામાં આવી છે. અડાલજ ,સરખેજ સોલા અને સાણંદ રૂટમાં થઈને સુરેન્દ્રનગર દોડશે. મીની બસ સેવા શરૂ થતા ગાંધીનગરથી મોટી સંખ્યામાં સુરેન્દ્રનગર તરફ જતા મુસાફરોમાં હર્ષની લાગણી વ્યાપી છે.

ગાંધીનગરમાં સચિવાલય સહીત અનેકવિધ સરકારી કચેરી કાર્યરત હોવાના લીધે કામકાજ અર્થે આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. જયારે નોકરી કરતા કર્મચારીવર્ગ પણ બહારગામથી આવતા હોવાના લીધે વિવિધ વિસ્તારમાં અવરજવર માટે બસ સેવાના તમામ રૂટ માટેની સુવિધા ઉપલબ્ધ થાય તેવી માંગ વખતોવખત ઉઠવા પામતી હોય છે. અગાઉ પણ એસ ટી તંત્ર દ્વારા મેઘરજ માલપુર રૂટમાં મીની બસ સેવા શરૂ કરવામાં આવી હતી. જયારે બપોરના સમયે સુરેન્દ્રનગરના રૂટમાં જતી બસ પણ અનિયમિત હોવાના લીધે મુસાફરોમાં આક્રોશ પ્રવર્તતો હોવાની સાથે અનેક ફરિયાદો પણ ઉઠવા પામે છે. આવા સંજોગોમાં એસ ટી ડેપો દ્વારા ગાંધીનગરથી સુરેન્દ્રનગર રૂટની મીની બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ બસ બપોરે ૨ વાગે ઉપડી વાયા અડાલજ સોલા,ગોતા સરખેજ,અને સાણંદ થઈને સુરેન્દ્રનગર દોડશે. સુરેન્દ્રનગરની આ બસ સેવા શરૂ થવાના લીધે કર્મચારીવર્ગ સરહીત અન્ય સ્થાનિકોમાં પણ આનંદની લાગણી વ્યાપી છે. સુરેન્દ્રનગર જવા માટે બપોરે હવે મુસાફરોને મીની બસ સેવા પણ ઉપલબ્ધ થશે.

દરવાજા પર લોક પાસવર્ડવાળું હતું તો તસ્કરો બારી તોડી ઘૂસ્યા

અમદાવાદ,તા. ૨૮

શહેરમાં ઠંડીમાં દિવસે ને દિવસે વધારો થઈ રહ્યો છે તેમ તસ્કરોએ પણ ઠંડીની સિઝનનો લાભ ઉઠાવી તરખાટ મચાવે છે. શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં ત્રાટકીને અત્યાર સુધીમાં ૧૦૦ તોલાથી વધુના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હોવાની ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ છે. ખાસ કરીને ચાંદખેડા, ઘાટલોડિયા, સાબરમતી, રાણીપ જેવા વિસ્તારોમાં તસ્કરોએ ત્રાટકી અને ચોરી કરી છે.

ચાંદખેડા ગામ પાછળ આવેલા એક બંગલામાં તસ્કરોએ બારી તોડી ઘરમાં પ્રવેશ કરી માત્ર ત્રણ કલાકમાં ૪૫ તોલા સોનાના દાગીના અને રોકડ રકમ મળી કુલ ૧૫.૨૫ લાખની ચોરી કરી હોવાની ઘટના બની છે. ચાંદખેડા વિસ્તારમાં ૧૫ દિવસમાં ત્રીજી ચોરીની ઘટના બનતા પોલીસની કામગીરી ઉપર અનેક સવાલો ઉભા થયા છે.

મળતી માહિતી મુજબ ચાંદખેડા ગામની પાછળ આવેલા આમ્રકુંજ લેકવ્યુ બંગલોમાં અરવિંદભાઈ ડાહ્યાભાઈ પટેલ તેમના પરિવાર સાથે રહે છે. તેમની સાથે તેમના નાના ભાઈ ગોવિંદભાઈ પટેલ પણ રહે છે. બંને ભાઈઓ ઈલેક્ટ્રિશિયનનો વ્યવસાય કરે છે. મંગળવારે સાંજે મોટેરા ખાતે રહેતા તેમના ભત્રીજા પ્રકાશભાઈ પટેલના ઘરે જમવાનું નિમંત્રણ હોઈ સાંજે ૭.૦૦ વાગ્યાની આસપાસ તેઓ તેમના ઘરનો મુખ્ય દરવાજો બંધ કરી પાસવર્ડ લોક મારી અને જમવા માટે ગયા હતા. રાત્રે ૧૦.૦૦ વાગ્યાની આસપાસ પરિવાર ઘરે પરત ફર્યો હતો. ઘરની બહાર જોતા ઘરનો મુખ્ય દરવાજો અને બારી ખુલી જણાઈ હતી.

ઘરમાં જઈ અને તપાસ કરતાં બેડરૂમમાં રહેલા તિજોરીનું લોક તૂટેલું જણાયું હતું. તિજોરીમાં રોકડા રહેલા ચાર લાખ ગાયબ હતા. ઘરમાં તપાસ કરતા સોનાના ૧૬ તોલાની અલગ અલગ બંગડીઓ, આઠ તોલાના બે સેટ, ચાર તોલાની ચેઈન,ચાર તોલાની વીંટીઓ, બે તોલાનું સોનાનું મંગલસૂત્ર, ચાર તોલાની સોનાની બુટ્ટીઓ અને ગળામાં પહેરવાનું ડોકિયું મળી કુલ ૪૫ તોલાના દાગીનાની ચોરી થઈ હોવાનું જણાવ્યું હતું. આ અંગે પોલીસને જાણ કરાતાં ચાંદખેડા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી.